# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૦૮/૦૪/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરના ફલેગશીપ 'ઉદ્યોગ–૨૦૨૨' પ્રદર્શનનો આજથી ચાર દિવસ માટે રાજ્યના ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્મા અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના હસ્તે શુભારંભ

### હવે ઇન્ડસ્ટ્રીને પ્રોડકટમાં કયાં લેપ્સ છે તે શોધીને આગળ વધી વીકપોઇન્ટને સ્ટ્રેન્ધેન કરવાની જરૂર છે : રાજ્યના ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્મા

### પહેલા યુરોપિયન દેશોમાં ઉદ્યોગપતિઓ એકઝીબીશન જોવા માટે જતા હતા પણ હવે તો સુરતમાં ઘરઆંગણે જ ચેમ્બર દ્વારા વિવિધ એકઝીબીશનો યોજાય છે, એકઝીબીશન સમગ્ર ઇન્ડસ્ટ્રીને ટેકનોલોજી અપગ્રેડેશન માટે મહત્વનું પ્લેટફોર્મ પૂરું પાડે છે : રાજ્યના ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્મા

### ‘ઉદ્યોગ’માં બધી જગ્યાએ એનર્જી છવાયેલી દેખાઇ, ઇન્ડસ્ટ્રીના નાના – મોટા પ્રશ્નોના નિરાકરણ માટે સીધી જ રજૂઆત કરો : ઉર્જા મંત્રી મુકેશ પટેલ

## ‘ઉદ્યોગ’ એકઝીબીટર્સને તમામ પ્રકારના નવા ગ્રાહકો, નવા સપ્લાયર્સ અને નવા બજારો પૂરું પાડવાની તક આપે છે : ચેમ્બર પ્રમુખ આશીષ ગુજરાતી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે તા. ૮, ૯, ૧૦ અને ૧૧ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ચાર દિવસીય ‘ઉદ્યોગ– ૨૦૨૨’ પ્રદર્શન યોજાયું છે. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન આજે સવારે ગુજરાત રાજ્યના કુટિર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ (સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, વન પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ, પ્રીન્ટીંગ અને સ્ટેશનરી (રાજ્ય કક્ષા)ના મંત્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ) અને સંસદ સભ્ય તેમજ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું.

ઉદ્યોગ પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્યના કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ (રાજ્ય કક્ષા)ના મંત્રી મુકેશ ઝેડ. પટેલ, ધારાસભ્ય સંગિતા પાટીલ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ હેમંત શાહ, અમદાવાદની કોરિયા ટ્રેડ – ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સીના ડાયરેકટર જનરલ સેંગકી લી અને એનપીસીઆઈએલના કેએપીએસ– ૧ એન્ડ ૨ ના સ્ટેશન ડાયરેકટર એ.બી. દેશમુખ ઉપસ્થિત રહયા હતા. યુએસએ (વેસ્ટર્ન ઇન્ડિયા)ના કોમર્સ વિભાગના કોમર્શિયલ ઓફિસર હરોલ્ડ (લી) બ્રેયમેન ઓનલાઇન જોડાયા હતા.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટ–અપ ઇન્ડિયા અભિયાન હાથ ધર્યું હતું. જેના ભાગરૂપે સ્ટાર્ટ–અપને પ્રોત્સાહન આપવા માટે ઉદ્યોગ પ્રદર્શનમાં ૨૭ જેટલા ઉદ્યોગ સાહસિકોને સ્ટાર્ટ–અપ પેવેલિયનમાં સમાવી લેવામાં આવ્યા છે. જેમાં ઓટોમેશન, કલાઉડ બેઇઝ પીઓએસ સોફટવેર, ૩૬૦ ડીગ્રી રિવોલ્વીંગ સિલીંગ ફેન પેટેન્ટેડ ટેકનોલોજી, સ્માર્ટ ડિજીટલ બિઝનેસ કાર્ડ, અત્યાધુનિક ફાર્મિંગ માટે આઇઓટી બેઇઝ સોલ્યુશન, ઇન્ફ્રાસ્ટ્રકચર ઓટોમેશન, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી ઓટોમેશન, બાયોમેડીકલ ઓટોમેશન, સી વોટર ડિસ્ટીલેશન માટે સંપૂર્ણ સોલ્યુશન અને ઇમ્પોર્ટ એક્ષ્પોર્ટ સોફટવેર પ્લેટફોર્મનો સમાવેશ થાય છે. આ પ્રદર્શન એકઝીબીટર્સને તમામ પ્રકારના નવા ગ્રાહકો, નવા સપ્લાયર્સ અને નવા બજારો પૂરું પાડવાની તક આપે છે.

ગુજરાતના રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી અને હવે ગુજરાત સમગ્ર દેશનું ગ્રોથ એન્જીન બની ગયું છે. ગુજરાતમાં હવે પીનથી લઇને પ્લેન સુધીનું ઉત્પાદન થઇ રહયું છે. ઇ–મની ટ્રાન્ઝેકશન પણ મહત્વનું બની રહયું છે. ગુજરાત હવે અલગ – અલગ સેગમેન્ટ પ્રમાણે ગ્રો કરી રહયું છે અને વન ડિસ્ટ્રીકટ વન પ્રોડકટમાં આગળ વધી રહયું છે.

પહેલા યુરોપિયન દેશોમાં ઉદ્યોગપતિઓ એકઝીબીશન જોવા માટે જતા હતા પણ હવે તો સુરતમાં ઘરઆંગણે જ ચેમ્બર દ્વારા વિવિધ એકઝીબીશનોનું આયોજન કરવામાં આવે છે. એકઝીબીશન સમગ્ર ઇન્ડસ્ટ્રીને ટેકનોલોજી અપગ્રેડેશન માટે મહત્વનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. સુરત મેન મેઇડ ફેબ્રિકસ અને કોટનની અંદર ઉભરી આવ્યું છે ત્યારે ટેકનીકલ ટેક્ષ્ટાઇલ સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીનું ભવિષ્ય છે. કન્વેન્શનલ લૂમ્સને પણ ઓટોમાં લઇ જવું પડશે.

એકઝીબીશનમાં એક સ્ટાર્ટ–અપ દ્વારા ઇનોવેટીવ કરાયેલા ૩૬૦ ડીગ્રી રોટેટ પંખા વિશે તેમણે કહયું હતું કે, આ એક પંખો ચાર પંખાઓનું કામ કરે છે. આથી તેમણે સ્ટાર્ટ–અપ્સને પ્રોત્સાહિત કરતી આઇ ક્રિએટ સંસ્થાની પણ મુલાકાત લેવા માટે ઉદ્યોગપતિઓને અનુરોધ કર્યો હતો. તેમણે દિલ્હી–મુંબઇ કોરીડોરનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, સ્પીડ અને સેફટીના કારણે ઇન્ડસ્ટ્રીની ટ્રાન્સપોર્ટની કોસ્ટ ઓછી આવશે. હવે ઇન્ડસ્ટ્રીને પ્રોડકટમાં કયાં લેપ્સ છે તે શોધીને આગળ વધી વીકપોઇન્ટને સ્ટ્રેન્ધેન કરવાની જરૂર છે.

ગુજરાતના રાજ્ય કક્ષાના ઉર્જા મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, ઉદ્યોગ પ્રદર્શનમાં બધી જગ્યાએ એનર્જી છવાયેલી દેખાઇ હતી. ગુજરાત રિન્યુએબલ એનર્જીનું હબ બને એવું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું છે. અત્યારે કોલસો અને ગેસ મોંઘા થઇ રહયા છે ત્યારે સોલાર પાવર જ ભવિષ્ય છે. સુરતમાં બીઆરટીએસના ૧૪૮ કિલોમીટરના રૂટ પર સોલાર પેનલ લાગશે તો એપાર્ટમેન્ટને પાવર આપી શકાશે. કદાચ આ પ્રકારનો પ્રકલ્પ પ્રથમ વખત સુરતમાં સાકાર થશે. તેમણે ઇન્ડસ્ટ્રીના જીપીસીબી સહિતના નાના – મોટા પ્રશ્નોના નિરાકરણ માટે સીધી જ તેમને રજૂઆત કરવાનું ઉદ્યોગકારોને જણાવ્યું હતું.

યુએસએ (વેસ્ટર્ન ઇન્ડિયા)ના કોમર્સ વિભાગના કોમર્શિયલ ઓફિસર હરોલ્ડ (લી) બ્રેયમેને ઓનલાઇન જોડાઇને જણાવ્યું હતું કે, યુએસની ઘણી કંપનીઓ ભારત તથા ગુજરાતમાં વિવિધ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા માટે તૈયાર છે.

અમદાવાદની કોરિયા ટ્રેડ – ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સીના ડાયરેકટર જનરલ સેંગકી લીએ જણાવ્યું હતું કે, છેલ્લાં ૪૦ વર્ષથી ભારત અને કોરિયા વચ્ચે દ્વિપક્ષીય વ્યાપાર થઇ રહયો છે. સારા વ્યાપારિક સંબોધોને કારણે ગુજરાતમાં વધારેમાં વધારે કંપનીઓને રોકાણ માટે પ્રયાસ કરવામાં આવી રહયા છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ હેમંત શાહ અને એનપીસીઆઈએલના કેએપીએસ– ૧ એન્ડ ૨ ના સ્ટેશન ડાયરેકટર એ.બી. દેશમુખે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું.

ઉદ્યોગ પ્રદર્શનના ચેરમેન અમિષ શાહે એકઝીબીશન વિશે માહિતી આપી હતી. ચેમ્બરની કોર્પોરેટ્સ કમિટીના ચેરમેન સંજય ગજીવાલા અને મહેંદી કલ્ચરના કો–ફાઉન્ડર નિમિષા પારેખે ઉદ્દઘાટન સમારોહનું સંચાલન કર્યુ હતું. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની સમારોહનું સમાપન કર્યું હતું.